ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 72 ■ અંક : 03 ■ તારીખ : 5, મે, 2024 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

## આગામી વર્ષે જ ભારત વિશ્વનું ચોથા નંબરનું મોટુ અર્થતંત્ર બની જશે

નવી દિલ્હી : વિશ્વના સૌથી ઝડપી વિકાસ પામતા અર્થતંત્ર તરીકે ભારત નંબર વન છે ત્યારે દેશનો હવે જીડીપી રેન્કિંગ પણ જે 2018માં 153 હતો તે સુધરીને 144 થયો છે અને ભારતે હવે રીપબ્લીક ઓફ કોંગો, ઘાના, કેન્યા, કમ્બોડીયા અને લાઓસ પીપલ્સ ડેમોક્રેટીક રીપબ્લીકને પાછળ રાખી દીધા છે અને 2029 સુધીમાં તે કેરેબિયન દેશો પપુઆ, ન્યૂ ગુએના અને અંગોલા ઉપરાંત ઉઝબેકીસ્તાનને પણ પાછળ રાખી દેશે. આંતરરાષ્ટ્રીય નાણાભંડોળે એપ્રિલ 2024 વર્ષમાં કરેલા એક પ્રોજેકશન મુજબ ભારત 2025માં જ જાપાનને પાછળ રાખીને વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની જશે અને 2027માં તે જર્મનીને પણ પાછળ છોડી ત્રીજા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બનશે.

આ ઉપરાંત ચીનની જીડીપી પણ વધવાની ધારણા છે. 2023માં ચીનની જીડીપી અમેરિકાની જીડીપી કરતા 65 ટકા હતી તે 2029માં 71 ટકા થઈ જશે




**આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળનો રિપોર્ટ 2025માં જાપાન અને 2027માં જર્મનીને પણ પાછળ રાખી વિશ્વની ત્રીજા નંબરની ઈકોનોમી બનવા તરફ ભારતની આગેકૂચ**

અને ભારતનો જે ઘરેલુ વિકાસદર વધી રહ્યો છે તેના કારણે તેના પ્રતિ નાગરિક આવક પણ વિશ્વમાં 144માંથી 136માં સ્થાને આવી જશે. છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે 2018 થી 2023માં ભારતની પર કેપિટલ ઈન્કમ (પ્રતિ વ્યક્તિ આવક) 153માંથી 144 થઈ છે અને આફ્રિકન સહિતના દેશોને પાછળ રાખ્યા છે. જો કે ચીનના નાગરિકોની આવકની સરખામણીમાં ભારતે હજુ ઘણુ કરવાનું છે.

દેશનો પ્રતિ કેપિટલ જીડીપી 2023માં ચીનના 20 ટકા હતો જે 2029માં 24 ટકા થઈ જશે.

ભારત જેવો વિશાળ દેશ કે જ્યાં વસ્તી હવે વિશ્વમાં સૌથી વધુ છે તેની પ્રતિ વ્યક્તિ આવક કરતા તેની જીડીપી મહત્વની બની જાય છે.

## કોસમોસ કો-ઓપરેટિવ બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન તરીકે શ્રી ઘનશ્યામભાઈ એચ. અમીનની વરણી

અમદાવાદ : સહકારી ક્ષેત્રનું રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ અને ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ એચ. અમીનની કોસમોસ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે. જે શ્રી ઘનશ્યામભાઈ અમીન અને કોસમોસ બેંક બંને માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. કોસમોસ કો-ઓપરેટિવ બેન્ક ભારત દેશની કુલ 1480 કો-ઓપરેટિવ બેંકોમાં સેકન્ડ લાર્જેસ્ટ બેન્કનું સ્થાન ધરાવે છે.

બેંકની સફળતાને આગળ વધારવા માટે પોતાનું સમર્પણ વ્યક્ત કરતાં શ્રી અમીને કહ્યું કે, 'કોસમોસ બેંક સાથે મારો લાંબો સંબંધ છે, વર્ષ 2006માં કોસમોસ બેન્કનું ગુજરાતમાં આગમન થયું ત્યારે કો-ઓપરેટિવ બેન્ક ઓફ અમદાવાદનું કોસમોસ બેન્કમાં મર્જ થયું ત્યારે હું અમદાવાદ બેન્કનો ચેરમેન હતો. આ ઉપરાંત નબળી પડેલી વડોદરાની ઉન્નતિ બેંક, અંકલેશ્વર મહિલા બેંક, નરોડા ઈન્ડસ્ટ્રીયલ બેંક સહિત નાની-મોટી 18 બેંકો કોસમોસ બેંકમાં મર્જ કરવામાં આવી છે. હું કોસમોસ બેન્કની વૃદ્ધિ અને સમૃદ્ધિને આગળ વધારવા માટે દરેક તકનો લાભ લેવા પ્રતિબદ્ધ છું.

કોસમોસ બેંકના ઉત્કૃષ્ટ પ્રદર્શનની માહિતી આપતાં શ્રી અમીને જણાવ્યું હતું કે, હાલ કોસમોસ બેન્ક સાત રાજ્યો જેવાં કે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલગણાં, તમિલનાડુંમાં 170થી વધુ શાખાઓ અને 18 લાખથી વધુ ગ્રાહકોને સેવા આપી રહી છે. બેંકનું મજબૂત બિઝનેસ સેટઅપ રૂ. 35,000 કરોડનું છે. 20 હજાર



કરોડની ડિપોઝિટ અને 15 હજાર કરોડનું ધિરાણ છે. 3 હજાર કર્મચારી બેન્કમાં કામ કરી રહ્યા છે. બેન્કનું એનપીએ માત્ર દોઢ ટકો જ છે. જ્યારે ચોખ્ખો નફો 460 કરોડ છે. ખાસ કરીને ગુજરાતમાં સુક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે રૂ. 3,000 કરોડથી વધારે ધિરાણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં બિઝનેસ જોઈએ તો સરેરાશ 6000 કરોડ છે. 2400 કરોડની ડિપોઝિટ અને 3600 કરોડના ધિરાણના સમાવેશ સાથે બેન્કનો બિઝનેસ 20 ટકા હિસ્સો ધરાવે છે. કોસમોસ બેંકના ચેરમેનશ્રી મિલિન્દ કાલેએ જણાવ્યું હતું કે, શ્રી અમીન રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સહકારી ક્ષેત્રમાં ત્રણ દાયકાના લાંબા સમયગાળાથી પ્રશંસનીય યોગદાન આપી રહ્યાં છે. હવે કોસમોસ બેન્કને તેમના ઘણા વર્ષોનો અનુભવ અને કુનેહસભર દૃષ્ટિકોણનો ચોક્કસ લાભ મળશે. તેમના ગતિશીલ નેતૃત્વ હેઠળ લોક કેન્દ્રિત અભિગમને વધુ પ્રોત્સાહન આપી કોસમોસ બેંકને નવી ઊંચાઈઓ પર લઈ જઈ લોકાભિમુખ બનાવશે. બેન્કને યોગ્ય માર્ગદર્શન મળી રહે તેના માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેનપદે શ્રીઘનશ્યામભાઈ અમીનની વરણી કરવામાં આવી છે.

આ ઉપરાંત સુરતના શ્રી મુકેશભાઈ શાહ સહિત બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં સાત સભ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. બેંકના ચેરમેનશ્રી મિલિન્દ કાલે, વાઈસ ચેરમેનશ્રી પ્રવિણ ગાંધી, બોર્ડના સભ્યો તથા મેનેજિંગ ડિરેક્ટરશ્રી એપેક્સિતા થિપ્સેએ ઉપસ્થિત રહી શ્રી ઘનશ્યામભાઈ અમીનને આ પ્રતિષ્ઠિત પદ સંભાળવા બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા શ્રી અમીનની ચેરમેન પદે વરણીની જાહેરાત બાદ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર શુભેચ્છકોના અભિનંદન સંદેશાઓ મળી રહ્યા હતા.

## કેન્સર સારવારની સ્વદેશી CART-સેલ થેરેપી લોન્ચ કરી કરતાં માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્રોપદી મુર્મૂ

મુંબઈ : માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મૂએ કેન્સરની સારવાર માટે દેશની પહેલી સ્વદેશી CAR T-સેલ થેરાપી લોન્ચ કરી છે. આઈઆઈટી, મુંબઈ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રપતિશ્રીએ CAR T-સેલ થેરાપીને 'મેક ઈન ઈન્ડિયા' માટે મોટી સિદ્ધિ ગણાવી હતી.

આઈઆઈટી મુંબઈ અને ટાટા મેમોરિયલ સેન્ટર દ્વારા વિકસિત આ જિન આધારિત સારવારથી વિવિધ પ્રકારના કેન્સરને જડમૂળથી ખતમ કરવામાં મદદ મળશે. રાષ્ટ્રપતિએ તેને કેન્સર સામેની લડતમાં માનવ સમાજ માટે નવી આશા' ગણાવી હતી. Nex CAR19 CAR ટી-સેલ થેરાપી દેશની પહેલી 'મેડ ઈન ઈન્ડિયા' CAR T-સેલ થેરાપી છે, જે કેન્સરની સારવારના ખર્ચમાં મોટો ઘટાડો કરશે. માનનીય રાષ્ટ્રપતિશ્રી મુર્મૂએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "CART-સેલ થેરાપી તબીબી વિજ્ઞાનની આધુનિક અને અદભૂત શોધ છે. તે



**વિદેશમાં રૂા. 4 કરોડનો ખર્ચઃ ભારતમાં 10મા ભાગના ખર્ચે સારવાર થશે**

'મેક ઈન ઈન્ડિયા' ઝુંબેશની મોટી સફળતા છે, જે ભારતીય વૈજ્ઞાનિકોની કુશળતા દર્શાવે છે. દેશની પહેલી જિન થેરાપીનું લોન્ચિંગ કેન્સર સામેની લડતમાં મોટી સફળતા છે. આ સારવાર વાજબી ભાવે સરળતાથી ઉપલબ્ધ બનશે." ટાટા મેમોરિયલ સેન્ટરના ડિરેક્ટરશ્રી સુદીપ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "CAR T-સેલ થેરાપી બહુ મોંઘી સારવાર છે, જે મોટા ભાગના લોકોની પહોંચની બહાર છે. જોકે, Nex-CAR19 થેરાપી વિદેશની તુલનામાં દેશમાં દસમા ભાગના ખર્ચે લોન્ચ કરવામાં આવી છે." આઈઆઈટી બોમ્બેના ડિરેક્ટર પ્રોફેસર સુભાશિષ ચૌધરીએ જણાવ્યું હતું કે, વિદેશમાં આ સારવારનો ખર્ચ લગભગ 3.4 કરોડ છે.

**2023-24ની મોસમનો પહેલો ભાગ**

## સુગર મિલોએ શેરડીના ખેડૂતોને 78000 કરોડની ચૂકવણી કરી

નવી દિલ્હી : સુગર મિલોએ હાલ ચાલી રહેલી માર્કેટિંગ સિઝનના પ્રથમ 6 મહિના (ઓક્ટોબરથી માર્ચ)માં શેરડીના ખેડૂતોને રૂપિયા 78,000 કરોડની ચૂકવણી કરી હોવાનું ખાદ્ય મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું.

ખાંડની માર્કેટિંગ સિઝન ઓક્ટોબરથી સપ્ટેમ્બર સુધીની રહેતી હોય છે. માર્કેટિંગ સિઝન હજુ ચાલી રહી છે, ત્યારે મિલોએ 2023-24ની સિઝનની 31મી માર્ચ સુધીમાં રૂપિયા 90,000 કરોડના કુલ શેરડીના પેમેન્ટ પૈકીની 87 ટકા ચૂકવણી કરી નાંખી છે, એમ અધિકારીએ માહિતી આપી હતી.

મિલોએ ચાલુ સિઝનમાં અત્યાર સુધીમાં 300 લાખ ટન કરતાં વધુ ખાંડનું ઉત્પાદન કર્યું છે. 2023-24ની સિઝનના ઓક્ટોબરથી માર્ચ સુધીના ગાળા માટે રૂપિયા 90,000 કરોડની શેરડીની કુલ ચૂકવણીની સામે મિલોએ



રૂપિયા 78,000 કરોડ ચૂકવી દીધા છે. 2023-24ની માર્કેટિંગ સિઝન માટે રિકવરી રેટના આધારે કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી પ્રત્યેક ક્વિન્ટલદીઠ રૂપિયા 315ની ફેર એન્ડ રેમ્યુનરેટિવ પ્રાઈસ (એફઆરપી) અનુસાર શેરડીની ચૂકવણી કરવામાં આવી છે.

2022- 23ની સિઝનના કુલ રૂપિયા 1.15 લાખ કરોડના શેરડીનું ઋણ પૈકીનું 99.7 ટકા ઋણ સુગર મિલોએ ચૂકતે કરી દીધું છે. 2022-23ની પહેલાંનું શેરડીનું સિઝન ઋણ અદાલતમાં ચાલતા મામલા સિવાય ચૂકતે કરી દેવામાં આવ્યું છે.

## સરકારે હેવી મોલાસીસમાંથી ઈથેનોલ ઉત્પાદનની મંજૂરી આપી - NFCSF

નવી દિલ્હી : બી હેવી મોલાસીસમાંથી ઈથેનોલ બનાવવાની સરકારની પરવાનગીથી NFCSF ખુશ છે. તાજેતરના વિકાસમાં, કેન્દ્ર સરકારે ઉદ્યોગના હિસ્સેદારો સાથે શ્રેણીબદ્ધ વિચાર - વિમર્શ અને ક્રિયા પ્રતિક્રિયા પછી, બી હેવી મોલાસીસમાંથી ઈથેનોલના ઉત્પાદનને મંજૂરી આપી છે.

ડિસેમ્બર 2023માં કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી સમીક્ષામાં દેશમાં ખાંડની અંદાજિત ઓછી ઉપલબ્ધતાને ધ્યાન રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પરિણામે, 7 ડિસેમ્બર, 2023 ના રોજ, કેન્દ્ર સરકારે શેરડીના રસ/ખાંડની ચાસણીના અર્ક તેમજ બી હેવી મોલાસીસમાંથી ઈથેનોલના ઉત્પાદન પર પ્રતિબંધ મૂક્યો હતો, જેના કારણે ખાંડ ઉદ્યોગમાં વ્યાપક ચિંતા ફેલાઈ હતી. ઉદ્યોગની ચિંતાઓને ઝડપી પ્રતિભાવ આપતા, નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટિવ સુગર ફેક્ટરીઝ (NFCSF) એ પ્રતિબંધને કારણે ઉદભવતા મુદ્દાઓને ઉકેલવા માટે કેન્દ્ર સરકાર સાથે વિચાર વિમર્શ કર્યો હતો. ત્યારબાદ, 15 ડિસેમ્બર, 2023 ના રોજ, સરકારે દેશભરમાં નિસ્યંદન પ્રોજેક્ટ્સ સાથે સુગર મિલોને આંશિક રાહત આપવાના તેના આદેશમાં સુધારો કર્યો.

આ સુધારાએ આ ફેક્ટરીઓને તેમના બાકી રહેલા ઈથેનોલ સ્ટોક અને બી હેવી મોલાસીસનો એક ભાગ ઈથેનોલ ઉત્પાદન માટે વાપરવાની મંજૂરી આપી,



**રાષ્ટ્રપતિએ સખત મહેનત કરી અને શ્રી અમિતભાઈ શાહ સહિતના મંત્રીઓને મળ્યા : NFCSF**

ઈથેનોલ ઉત્પાદન માટે ખાંડની 17 લાખ ટનની મર્યાદામાં ફેરફાર કર્યો. વધુમાં, ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં સાનુકૂળ હવામાનને કારણે મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત અને તમિલનાડુ જેવા મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં શેરડીના ઉત્પાદનમાં વધારો થયો હતો, જેના પરિણામે અગાઉના અંદાજની સરખામણીમાં 20 થી 25 લાખ ટન ખાંડની વધારાની ઉપલબ્ધતા થઈ હતી.

આ સરપ્લસ અને ખાંડના કારખાનાઓમાં બિનઉપયોગી B હેવી ગોળના સ્ટોકનો લાભ લઈને, NFCSF તેના અધ્યક્ષ શ્રી હર્ષવર્ધન પાટીલના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં મંત્રીઓના જૂથને વિનંતી કરી. 24 ફેબ્રુઆરીના રોજ વિનંતીમાં સુધારેલા વધારાના ખાંડની ઉપલબ્ધતાના ડેટાની રૂપરેખા આપવામાં આવી હતી અને સરકારને વિનંતી કરી હતી કે ઈથેનોલ ઉત્પાદન માટે બિનઉપયોગી બી હેવી મોલાસીસનો ઉપયોગ કરવાની

અનુસંધાન પાના નંબર : 2

**વિશ્વભરમાં પ્રદૂષણ ઘટાડવા માટે ઈન્ડસ્ટ્રીયલ શહેરોમાં કાર્બન કેપ્ચરિંગ પર ફોકસ**

## હવે કાર્બન ડાયોક્સાઈડને દરિયામાં દાટવાની યોજના, પ્રદૂષણ ઘટશે, પૈસા બચશે અને નવી નોકરીનું સર્જન થશે

ન્યૂયોર્ક : સમગ્ર વિશ્વમાં ઈન્ડસ્ટ્રીઝ મોટા પાયે પ્રદૂષણ ફેલાવે છે. તેમાં કાર્બનનો સૌથી વધુ હિસ્સો છે. વિશ્વભરના દેશ 2050 સુધીમાં કાર્બન ઉત્સર્જન ઘટાડાવાના મહત્વકાંક્ષી લક્ષ્ય પર કામ કરી રહ્યા છે. આ દિશામાં વિશ્વની અનેક કંપનીઓ પ્રયોગ કરી રહી છે. કાર્બન પ્રદૂષણ ઘટાડવાનો એક સૌથી અસરકારક ઉપાય કાર્બન કેપ્ચર એન્ડ સ્ટોરેજ (સીસીએસ) છે. તે હેઠળ CO2નું વાતાવરણમાં ઉત્સર્જનને બદલે ખાસ રીતે કેપ્ચર કરવામાં આવે છે અને જમીનની નીચે સ્ટોર કરવામાં આવે છે.

ઈટાલીની એક એનર્જી કંપની એની પ્રદૂષણ ફેલાવનારી ઈન્ડસ્ટ્રીઝમાંથી કાર્બન ડાયોક્સાઈડને લઈને જૂના પ્રાકૃતિક ગેસ ભંડારમાં સ્ટોર કરવા માટે પાઈપલાઈનનું એક નેટવર્ક બનાવવાની યોજના પર કામ કરી રહી છે. એનીનો દાવો છે કે આ કાર્બન કેપ્ચર અને સ્ટોરેજ પ્રક્રિયાથી મોટા પાયે પ્રદૂષણ ઘટાડવામાં, બચત કરવામાં તેમજ નવી નોકરીનું સર્જન કરવામાં મદદ મળશે. આ કંપની પહેલાથી જ ક્રૂડ અને ગેસના વેચાણના ક્ષેત્રમાં કામ કરી રહી છે પરંતુ ક્લાઈમેટ ચેન્જની ચિંતાઓને કારણે તેને પોતાનું ભવિષ્ય અનિશ્ચિત નજરે પડી રહ્યું છે. એનીના અધિકારીઓના અનુમાન અનુસાર તેઓ કંપનીના અત્યારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે ઓઈલના કુવા અને પાઈપલાઈનનો ઉપયોગ કાર્બન કેપ્ચરિંગ તેમજ સ્ટોરેજ

અનુસંધાન પાના નંબર : 3

સહકાર

# જલાલપોર ખેતી વિકાસ સહકારી મંડળીનો અમૃત મહોત્સવ

નવસારી: નવસારીના જલાલપોરમાં ખેતી વિકાસ સહકારી મંડળીનો અમૃત મહોત્સવ ઉજવાયો હતો. જેનો પૂર્ણાહુતિ સમારોહ સુરત જિલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

જેમાં શ્રી ભીખાભાઈ પટેલે જણાવ્યું હતું કે ગાંધી વિચારધારામાં રહેલી સહકાર અને ગ્રામોત્થાનની વાતો જલાલપોરે સાકાર કરી છે. ગાંધી વિચારધારાથી પ્રભાવિત ખાદીધારી નટુભાઈ એમ. નાયકે સહકારી માળખાથી કરેલા ગામ વિકાસનું કાર્ય સામાન્ય નથી. આ પ્રવૃત્તિ આગામી પેઢી માટે પથદર્શક છે.

પદ્મશ્રી ગફુરભાઈ બીલખીયાએ જણાવ્યું હતું કે ગામડાંઓને સહકારી મંડળીઓ દ્વારા સ્વતંત્રના મૂલ્યોની વાતો અને અમલીકરણ કરવાનું કામ જલાલપોરે કરી બતાવ્યું છે. ગાંધી વિચારોની વાત કરી આ ગામ બેસી નથી રહ્યું, પણ શિક્ષણ, યુવા વિકાસ, તબીબી, પાણીની યોજના બનાવી વિશેષ કામગીરી પણ કરી છે.નટુભાઈ નાયક 46 વર્ષથી મંડળીના પ્રમુખપદે છે. તેમના નેતૃત્વએ સહકારી પ્રવૃત્તિના મૂલ્યો સાચવી દૂધ મંડળી, વસુધારા ડેરીની પ્રોડક્ટની અદ્યતન સુવિધા ચાલુ કરી છે.

મંડળીના પ્રમુખશ્રી નટુભાઈ એમ. નાયકે કૃષિ કોલેજના વિસ્તૃતીકરણમાં ગયેલી ગામની જમીન, સ્થાપના સમયે ગામની પરિસ્થિતિ અને આજની વિગતો રજૂ કરી હતી. મંડળીના સ્થાપક સભ્યો, કર્મચારીઓનું શ્રીવન પંડિત શ્રી અનુપસિંહ સોલંકી, આચાર્યશ્રી ધીરૂભાઈ પટેલના હસ્તે સન્માન કરાયું.

સંચાલન પ્રા. જશુભાઈ નાયક અને શ્રી ધર્મેશ નાયકે કર્યું હતું. અમૃત મહોત્સવના પુસ્તક 'સંભારણા'નું વિમોચન કરાયું હતું. મંડળીના મકાન પર કસ્તૂરબા ગાંધી સહકાર ભવન તક્તીનું અનાવરણ કરાયું હતું.

મંડળીના મંત્રીશ્રી ઉકાભાઈ આહીરે મંડળીની ગઈ કાલ, આજની વિગત આપી હતી. સહકારી અને સમાજ સેવાની સંસ્થાઓએ શ્રી નટુભાઈ નાયકનું ખાદીની આંટી, શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. શ્રી જયદીપભાઈ દેસાઈએ ઋણ સ્વીકાર કર્યો હતો.




મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડા દ્વારા યોજિત

# નાગરિક સહકારી બેંકોનો શિલ્ડ અને પ્રમાણપત્ર વિતરણ તથા ક્રેડિટ સોસાયટીઓનો કાર્યક્રમ

લુણાવાડા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ તાલીમ પ્રચાર અને પ્રસારના ભાગરૂપે મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડા ખાતે તારીખ 26/03/24 થી તારીખ 28/03/024 દરમ્યાન લુણાવાડા મુકામે નાગરિક સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટીઓના તાલીમ વર્ગની શરૂઆત કરી તારીખ 28/03/24ના રોજ આ તાલીમ વર્ગની પૂર્ણાહૂતિના પ્રસંગે મહીસાગર જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી, અમૂલ ડેરી-ડિરેક્ટરશ્રી, બાલાસિનોરના પૂર્વ ધારાસભ્યશ્રી રાજેશકુમાર ગજાનન પાઠકે આ પ્રોગ્રામની સફળતાની શુભેચ્છા પાઠવી હતી.

મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડાના વાઇસ ચેરમેન શ્રી મનોજભાઈ આર. પટેલે ઉપસ્થિત રહી ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ દ્વારા દર વર્ષે શિલ્ડ હરીફાઈ યોજીને જિલ્લામાં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવતી ધી સંતરામપુર અર્બન કો-ઓપરેટિવ બેંક લિ., સંતરામપુરને પ્રથમ પ્રભાવક શિલ્ડ અને પ્રમાણપત્ર બેંકના હોદેદારોને એનાયત કર્યા હતા. તેમજ સહકારી બેંકોની કામગીરીને બિરદાવી હતી.

આ પ્રસંગે મહીસાગર જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટર અને મહીસાગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન શ્રી બચુભાઈ આર. ચૌહાણે દ્વિતીય આકર્ષક શિલ્ડ અને પ્રમાણપત્ર ધી લુણાવાડા નાગરિક સહકારી બેંક લિ., લુણાવાડાના હોદેદારોને એનાયત કરી સૌને બિરદાવ્યા હતા. આ હરીફાઈમાં ત્રીજા ક્રમે ધી બાલાસિનોર નાગરિક સહકારી બેંક લિ., બાલાસિનોરના હોદેદારોને શિલ્ડ અને પ્રમાણપત્ર મહીસાગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અરવિંદભાઈ એસ. ચૌહાણ અને લુણાવાડા નાગરિક બેંકના ડિરેક્ટર શ્રી અશોકભાઈ જોષીએ બેંકના હોદેદારોને એનાયત કર્યા હતા.


આ પ્રસંગે મોટી સંખ્યામાં ક્રેડિટ સોસાયટીના હોદેદારો, મેનેજરો અને કર્મચારીઓ જોડાયા હતા. આ પ્રોગ્રામને સફળ બનાવવા સંઘના કર્મચારીઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી. આ પ્રોગ્રામનું સફળ સંચાલન શ્રી મોતીભાઈ એસ. પગીએ કર્યું હતું.



# ચૂંટણીમાં મતદાન કરતી વખતે તમારી આંગળી પર જે શાહી લગાવાય છે તે ક્યાંથી આવે છે ?

અમદાવાદ : હાલમાં આપણા દેશમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી છે. આ ચૂંટણી માટે ગુજરાતમાં આગામી તારીખ 7 મી મે-2024 ના રોજ મતદાન યોજાનાર છે. લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંત વાતાવરણમાં યોજાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા વ્યાપક વ્યવસ્થાઓ કરવામાં આવે છે પરંતુ શું તમને એ ખબર છે કે મતદાન કરતી વખતે તમારી આંગળી પર જે શાહી લગાવવામાં આવે છે તે ક્યાંથી આવે છે?

આ અંગે વાત કરતા અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્રના નાયબ કલેક્ટર સુશ્રી રિદ્ધિ શુક્લાએ જણાવ્યું છે કે, ચૂંટણીમાં મતદાનના દિવસે મતદારની ડાબી આંગળી પર મતદાન પહેલાં ચિહ્નિત કરવામાં આવતી અવિલોપ્ય શાહી સરળતાથી દૂર કરી શકાતી નથી અને તેનો હેતુ મતદાર દ્વારા ડબલ અને બોગસ મતદાન અટકાવવાનો છે. આપણે જ્યારે મતદાન પથકમાં પોતાનો મત આપીએ છીએ એની પહેલાં આપણી આંગળી ઉપર એ વિલોપ્ય શાહીથી એક માર્ક કરવામાં આવે છે. આ અવિલોપ્ય શાહી વિશેની જોગવાઈ રિપ્રેઝન્ટેશન પીપલ એક્ટ-1951ની કલમ-61માં જોવા મળે છે. જેમાં એવું કહેવામાં આવ્યું છે કે, ચૂંટણીમાં બોગસ વોટીંગ ના થાય અથવા ડબલ વોટિંગ ના કરી શકે એના માટે આવી કોઈ પણ પ્રકારની શાહીનો ઉપયોગ કરી શકાશે.



ચૂંટણીમાં વપરાતી અવિલોપ્ય શાહી દેશમાં માત્ર એક જ જગ્યાએ બને છે : આ લોકસભાની ચૂંટણીમાં 26 લાખથી વધારે શાહીની બોટલ્સનો વપરાશ થશે

ચૂંટણીમાં વપરાતી આ અવિલોપ્ય શાહી આપણા દેશમાં માત્ર એક જ જગ્યાએ બને છે એ મૈસુર પેઇન્ટ અને વાર્નિશ લિમિટેડ કરીને ગવર્મેન્ટ જ કંપની છે જે આ અવિલોપ્ય શાહી બનાવે છે. હાલના ડેટા પ્રમાણે આ લોકસભા ચૂંટણીમાં 26 લાખથી વધારે શાહીની બોટલ્સનો વપરાશ થશે.

આ કંપની માત્ર ભારતીય ચૂંટણી પૂરતા જ નહીં પરંતુ વિશ્વના 25 જેટલાં અલગ અલગ દેશોમાં શાહી પૂરી પાડે છે. જેમાં ઘાના, સાઉથ આફ્રિકા, મલેશિયા સહિતના દેશોનો સમાવેશ થાય છે જેને આ કંપની દ્વારા ચૂંટણી માટે શાહી સપ્લાય કરવામાં આવે છે.

આ શાહીની વિશેષતા વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે, આ અવિલોપ્ય શાહીમાં એક સિલ્વર નાઈટ્રેટ નામનું કમ્પાઉન્ડ આવે છે.

# રાજકોટ નાગરિક બેંકની ધોરાજી શાખા દ્વારા રૂ.120 કરોડનું ધિરાણ

ધોરાજી : રાજકોટ નાગરિક સહકારી બેંની ધોરાજી શાખામાં પણ રૂ.300 કરોડથી ઉપરનો બિઝનેસ થઈ રહ્યો છે. કુલ રૂ. 120 કરોડથી પણ વધુ ધિરાણ છે. ધોરાજી શાખાના કન્વીનર અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી લલિતભાઈ વોરાએ બેંકના એક કાર્યક્રમમાં જણાવ્યું કે હાલ મંદીનો માહોલ છે તેવી માનસિક્તા ફેલાઈ રહી છે. ત્યારે નાના માણસોની મોટી બેંક, રાજકોટ નાગરિક સહકારી બેંક જનવિશ્વાસની આરાધના કરતી હોય તે રીતે ગ્રાહક સેવામાં તત્પર રહે છે. બેંકના વિવિધ ધિરાણો અને લોકોની મરણમૂડી સાચવવાની વ્યવસ્થા પણ કરતી હોય છે.

રાજકોટ નાગરિક સહકારી બેંકનું ધિરાણ અને ડિપોઝિટ વધી રહ્યા છે. સમગ્ર બેંકનો બિઝનેસ રૂ.10 હજાર કરોડની ઉપર છે. ધોરાજી શાખામાં પણ રૂ.300 કરોડથી ઉપરનો બિઝનેસ થઈ રહ્યો છે. વિવિધ સેવાભાવી સંસ્થા,

**શાખાનો 7 કરોડનો નફો : વર્ષાન્તે રૂ.300 કરોડનો બિઝનેસ**

ટ્રસ્ટો અને નાના એવા રોકાણકારોની રૂ.182 કરોડથી પણ વધારે ડિપોઝિટ છે. ધોરાજી શાખાએ રૂ. 7 કરોડથી વધારે નફો કર્યો છે. નજીકના ભવિષ્યમાં ધોરાજીની નામાંકિત હોસ્પિટલ સાથે જોડાણ કરી અને શેર હોલ્ડરને વિશેષ ડિસ્કાઉન્ટ મળે તેવી પ્રપોઝલ પર કામ કરી રહી છે

ગત માર્ચ મહિનામાં ધોરાજી સબ રજિસ્ટ્રાર કચેરીમાં કુલ 92 મોર્ગેજ રજિસ્ટરમાંથી 46 ઇક્વીટેબલ મોર્ગેજ રાજકોટ નાગરિક સહકારી બેંકના હતા.બેંકમાં સોના ધિરાણ માટે પણ ઉત્તમ સુવિધા ઉપલબ્ધ છે.

# ગલગોટો અને ઝીનીયા જેવા ઓર્નામેન્ટલ પ્લાન્ટ જમીનમાં રહેલા હાનિકારક તત્વોને શોષી શુદ્ધ બનાવવાનું કામ કરે છે

અમદાવાદ : આજના સમયમાં શહેરીકરણ સતત વધી રહ્યું છે. શહેરીકરણ વધતાં ઉદ્યોગોનો વિકાસ પણ ઘણો વધ્યો છે અને પરિણામે શહેરના ઘણા ભાગોમાં વિશાળ ફેક્ટરીઓ જોવા મળે છે. આ વધતી જતી ફેક્ટરીઓને કારણે વિવિધ પ્રકારના પ્રદૂષણનો પણ ફેલાવો થાય છે, જેમાં જમીનનું પ્રદૂષણ પણ સામેલ છે. ફેક્ટરીઓના વેસ્ટમાંથી કેડમિયમ, નિકલ, લેડ જેવા ઘણા તત્વો હોય છે જે જમીનમાં ભળી તેને પ્રદૂષિત બનાવે છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીના બોટની ડિપાર્ટમેન્ટની સ્ટુડન્ટ એકતા પટેલે ડૉ. નૈનેશ મોદીના માર્ગદર્શન હેઠળ એક મહત્વનું સંશોધન કર્યું છે. તેમણે સંશોધનમાં શોધ્યું છે કે, કેટલાંક ઓર્નામેન્ટલ છોડ જમીનમાં રહેલા આ તત્વોને શોષી લઈ જમીનને શુદ્ધ કરવાનો ગુણ ધરાવે છે.

આ વિશે એકતાએ કહ્યું કે, 'આજના સમયમાં શહેરીકરણ વધતા ઘણા ઉદ્યોગો વિકાસ પામ્યાં છે અને પરિણામે તેના વેસ્ટ ઘણા એવા તત્વો હોય છે જે જમીનમાં ભળી તેને પ્રદૂષિત કરે છે. મારા સંશોધનમાં મને જાણવા મળ્યું કે, કેટલાંક ઓર્નામેન્ટલ પ્લાન્ટ્સ એવા છે જે જમીનમાં રહેલા આ હાનિકારક



ગુજરાત યુનિવર્સિટીના બોટની ડિપાર્ટમેન્ટના સ્ટુડન્ટનું સંશોધન

તત્વોને દૂર કરી જમીનને શુદ્ધ બનાવે છે. આ પ્લાન્ટમાં ઝીનીયા એલિગન્સ, મેરીગોલ્ડ, ઈમ્પેશન્સ બાલ્સામિના વગેરે જેવા પ્લાન્ટનો સમાવેશ થાય છે; જે જમીનમાં રહેલા હાનિકારક તત્વો જેવા કે, ઝીંક, કેડમિયમ, આર્સેનિયમ, લેડ, નિકલ વગેરેને શોષી લઈ જમીનને શુદ્ધ બનાવે છે. શહેરમાં જ્યાં ઈન્ડસ્ટ્રીયલ એરિયા હોય ત્યાં આવા પ્લાન્ટ રોપવાથી જમીનને શુદ્ધ બનાવી શકાય છે.

**જમીનને શુદ્ધ થતાં એક વર્ષનો સમય લાગે છે :**

મેં જમીનમાં વિવિધ હાનિકારક તત્વો ઉમેરી આ પ્લાન્ટને તેમાં રોપ્યા હતા ત્યારબાદ મેં તેના દરેક ભાગનો અભ્યાસ કર્યો હતો જેમાં જાણવા મળ્યું કે, જમીન શુદ્ધ થતાં લગભગ એક વર્ષનો સમય લાગે છે અને છોડના પાંદડા આ તત્વોને શોષવાની વધારે ક્ષમતા ધરાવે છે.

શ્રદ્ધાંજલિ

# રાજ્યના મહિલા સહકારી અગ્રણી કાર્યકર રાજેશ્રીબા એમ. રાણાનું અવસાન

ભાવનગર : ગુજરાત રાજ્યના મહિલા સહકારી અગ્રણી કાર્યકર રાજેશ્રીબા મહેન્દ્રસિંહ રાણાનું અવસાન થતા ભાવનગર જિલ્લાની સહકારી સંસ્થાઓના કાર્યકરોમાં ઘેરા શોક્ની લાગણી પ્રસરી છે. જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ જયવંતસિંહજી જાડેજાએ રાજેશ્રીબા રાણાને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે, શ્રી રાજેશ્રીબા રાણા છેલ્લા 40 વર્ષથી ભાવનગર જિલ્લાની સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેઓ ભાવનગર મહિલા નાગરિક સહકારી બેંકના પૂર્વ ઉપપ્રમુખ પણ રહી ચૂકેલા છે. ભાવનગર જિલ્લાની સમાનધર્મી સહકારી સંસ્થાઓમાં તેમજ જિલ્લા સંઘના ડાયરેક્ટર તરીકે અને જિલ્લા સંઘની મહિલા સહકારી સમિતિમાં ડાયરેક્ટર પદે રહીને ઉમદા સેવાઓ આપી છે. તેઓની શ્રદ્ધાંજલિ સભામાં ભાવનગર જિલ્લા સહકારી સંઘના પ્રમુખ અને ડાયરેક્ટરશ્રીઓ તેમજ મહિલા સહકારી સમિતિના સદસ્યો રાજ્ય સહકારી સંઘની મહિલા સહકારી સમિતિના ચેરપર્સનશ્રી ભાવનાબેન જે. જાડેજા વગેરેએ શ્રદ્ધાંજલિ અર્પિ હતી.



જામનગર જિલ્લા.... પાના નં. 3નું અનુસંધાન

અગત્યના છે. જો તમારે સારી અને સફળ રીતે સહકારી સંસ્થાનું સંચાલન કરવું હોય તો સિધ્ધાંતો અને મુલ્યોને અનુસરવા જ પડશે.

વર્ગ દરમ્યાન જામનગર જિલ્લા રજિસ્ટ્રાર કચેરીમાંથી સહકારી અધિકારી શ્રી કટારમલે હાજર રહી સહકારી મંડળીઓને લાગુ પડતી અગત્યની કલમો અને જોગવાઈઓ વિશેની માહીતી પૂરી પાડી હતી. જામનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના મેનેજર શ્રી અરશીભાઈએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી મંત્રીઓને માર્ગદર્શન આપેલ.

આ તાલીમવર્ગનું અને વર્ગના પુર્ણાહુતિ કાર્યક્રમનું સંચાલન જામનગર જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. મંજુલાબેન પ્રજાપતિએ કર્યું હતું અને આભારવિધિ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણીએ કરી હતી.

ઊર્જાના વિવિધ સ્વરૂપ.... પાના નં. 4નું અનુસંધાન

ઉપયોગ જાણીતા છે.

**વીજળી :** પદાર્થમાં ઈલેક્ટ્રોનની ગતિવિધિમાંથી વીજળી મળે છે. વીજળીના ઉપયોગોની યાદી લાંબી છે. વીજળી પેદા કરવા ગરમી, અણુ કે પ્રકાશનો ઉપયોગ થાય છે.

**અણુ ઊર્જા :** પદાર્થના અણુના વિભાજન વખતે ઘણી શક્તિ પેદા થાય છે.

**ગતિ:** હાલતીચાલતી દરેક વસ્તુમાં ગતિ ઊર્જા હોય છે. તેને કાઈનેટિક એનર્જી કે ચાલક બળ કહે છે. અણુ, વીજળી, ગરમી કે અન્ય શક્તિથી ગતિ શક્તિ મેળવી શકાય છે.

**પવન :** પૃથ્વીના ચક્રાકાર ફરવાથી તેની સપાટી પર પવન પેદા થાય છે. પવનની શક્તિથી પવનચક્કી વડે વીજળી અને રેંટ વડે પાણી ખેંચી શકાય છે. વહાણો પણ પવનની શક્તિથી ચાલે છે.

સરકારે ઠેલી.... પાના નં. 1નું અનુસંધાન

મંજૂરી આપે. સંપૂર્ણ વિચાર-વિમર્શ પછી, કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયના વિભાગોએ ઇથેનોલ ઉત્પાદન માટે આશરે 7 લાખ ટન બાકીના બી હેવી મોલાસીસનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે ઝડપથી આગળ વધ્યા. વધુમાં, ખાદ્ય મંત્રાલયની સલાહ પર, પેટ્રોલિયમ મંત્રાલયે 31 માર્ચ, 2024 સુધી B હેવી ગોળના ભૌતિક સ્ટોકના આધારે વ્યક્તિગત ડિસ્ટિલરીઓને વધારાના ઇથેનોલ ફાળવવાની પ્રક્રિયા શરૂ કરી.

આ પગલાંના પરિણામે, આશરે 3.25 લાખ ટન વધારાની ખાંડને ઇથેનોલ ઉત્પાદનમાં રૂપાંતરિત કરવામાં આવશે, જેનાથી રૂ. 2300 કરોડ ના ખર્ચે અંદાજિત 38 કરોડ લિટર ઇથેનોલ પ્રાપ્ત થશે. આ નિર્ણયથી ખાંડના સ્ટોકમાં ઘટાડો થવાની અને ત્યારબાદ સ્થાનિક ખાંડના વેચાણ દરમાં વધારો થવાની ધારણા છે.

સરકારના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, શ્રી હર્ષવર્ધન પાટીલે આભાર વ્યક્ત કરતા કહ્યું, "આ આરામદાયક નિર્ણય મિલોમાં બી હેવી મોલાસીસના બાકીના સ્ટોકમાં અટવાયેલા લગભગ રૂ. 700 કરોડને મુક્ત કરશે. અને ઉત્પાદિત 38 કરોડ લિટર ઇથેનોલના વેચાણમાંથી અંદાજે રૂ. 2300 કરોડ દેશભરમાં ડિસ્ટિલેશન પ્રોજેક્ટ ધરાવતી ફેક્ટરીઓને ઉપલબ્ધ થશે જેથી ખેડૂતોને સમયસર અને સંપૂર્ણ ચૂકવણી કરી શકાય.

હવામાન સ્વચ્છ રહેતા.... પાના નં. 4નું અનુસંધાન

વર્ષમાં 53,743 હેક્ટરમાં હતું. વાવેતરને આધારે 1.25 લાખ ટન ઉનાળુ મગફળી પાકશે તેવો અંદાજ મૂક્વામાં આવ્યો છે. તલનું વાવેતર સ્હેજ ઓછું છે પણ સરેરાશથી 5 ટકા વધારે થતા 1.15 લાખ હેક્ટરમાં રહ્યું છે. નવી મગફળીની આવક મહુવા અને ભાવનગર પંથકમાં શરૂ થઈ છે. અત્યારે પરચૂરણ અને છૂટીછવાઈ આવક થાય છે. ડુંગળીનું વાવેતર 10,865 હેક્ટરમાં થયું છે. જે ગયા વર્ષમાં 11,572 હેક્ટર હતું. શેરડીનો વિસ્તાર 10,250 હેક્ટર રહ્યો છે. શાકભાજીનું વાવેતર સામાન્ય વધીને 1.05 લાખ હેક્ટર અને ઘાસચારાનું 3.50 લાખ હેક્ટર થયું છે.

ઉત્તર ગુજરાતમાં ઉનાળુ પાકોનું વાવેતર 4.58 લાખ હેક્ટરમાં થયું છે. કચ્છમાં 39,100 હેક્ટરમાં વાવેતર છે. મધ્ય ગુજરાતમાં 2.58 લાખ હેક્ટર, સૌરાષ્ટ્રમાં 3.02 લાખ હેક્ટર અને દક્ષિણ ગુજરાતમાં 87 હેક્ટરમાં વાવણી થઈ છે.

મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડા દ્વારા યોજિત

# મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડા ખાતે મંત્રી તાલીમ વર્ગની પુર્ણાહૂતિનો કાર્યક્રમ

લુણાવાડા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની યોજના સહકારી શિક્ષણ તાલીમ પ્રચાર અને પ્રસારના ભાગ રૂપે મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડા ખાતે તારીખ 01/03/24 થી તારીખ 28/03/024 દરમ્યાન લુણાવાડા મુકામે મંત્રી તાલીમ વર્ગની શરૂઆત કરી તારીખ 28/03/24ના રોજ આ તાલીમ વર્ગની પૂર્ણાહુતિના પ્રસંગે મહીસાગર જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી, અમૂલ ડેરીના ડિરેક્ટરશ્રી, બાલાસિનોરના પૂર્વ ધારાસભ્યશ્રી રાજેશકુમાર ગજાનન પાઠકે આ પ્રોગ્રામની સફળતાની શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા સહકારી સંઘના વાઈસ ચેરમેનશ્રી મનોજભાઈ આર. પટેલે ઉપસ્થિત રહી પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવનાર મંત્રીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે સૌ મંત્રીઓને મંડળીઓ સારી રીતે ચલાવવા શીખ આપી હતી. આ પ્રસંગે મહીસાગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડાના ડિરેક્ટર શ્રી બચુભાઈ આર. ચૌહાણે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અરવિંદભાઈ ચૌહાણે સૌનું સ્વાગત કરી શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે શ્રી મોતીભાઈ એસ.પગીએ જણાવ્યું હતું કે જ્યાં ના પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ અને જ્યાં ના પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી, એટલે કે આપ સૌ મંત્રીઓએ અહી તાલીમ લીધી છે તે તાલીમના આધારે નિયમિત કામ કરતાં રહેશો તો સારો અનુભવ થશે અને આ અનુભવ ના કારણે સંસ્થાઓનો વિકાસ થશે અને સભાસદોને સારી સેવાઓ મળવાથી તેમની પ્રગતિ થશે અને સહકાર સે સમૃધ્ધિનું સપનુ સાકાર થશે. આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં મંત્રીઓ જોડાયા હતા. આ પ્રોગ્રામને સફળ બનાવવા સંઘના કર્મચારીઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# જામનગરની નવાનગર કો-ઓપરેટિવ બેંકનો નાણાકીય વર્ષમાં રૂ.24.06 કરોડનો નફો

જામનગર : જામનગરની અગ્રગણ્ય સહકારી બેન્ક એવી નવાનગર કો-ઓપરેટિવ બેંક પોતાના ગ્રાહકોને મહત્તમ બેન્કિંગ સેવા આપે છે. આ સાથે જાહેર તથા સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ યોગદાન આપે છે.

હાલ બેંક પોતાની સ્થાપનાના 45મા વર્ષમાં સતત પ્રગતિ ભાગરૂપે નાણાકીય વર્ષ 2023-24ના પરિણામો જાહેર કરાયા છે. જેમાં થાપણો રૂ.959.06 કરોડ, ધિરાણો રૂ.355.27 કરોડ, રોકાણો રૂ.661.94 કરોડ અને કાર્યકારી નફો રૂ.24.06 કરોડ થયો છે. આ ઉપરાંત સભાસદોને મેડિકલ સહાય, મરણોત્તર સહાય, સભાસદ ભેટ ઉપરાંત ઘણા વર્ષથી મહતમ 15 ટકા ડિવિડન્ડ પણ આપવામાં આવે છે.

**વર્ષ 2023-24માં રૂ.959.06 કરોડની થાપણો, રૂ. 355.27 કરોડના ધિરાણ અને રૂ.661.94 કરોડના રોકાણની સિદ્ધિ**

બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન તથા ડાયરેક્ટરોની સુઝબૂઝને કારણે સતત પ્રગતિના ભાગરૂપે ચાલુ વર્ષમાં રૂ.24.06 કરોડનો નફો કર્યો છે. જેનો શ્રેય બેંકના સતત સેવારત કર્મચારીઓને તથા સભાસદોને આપવા સાથે બેન્કિંગ કાર્યો માટે મહત્તમ ફાળો આપવા પણ અપીલ કરી હતી.

જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા યોજિત

# સહકારી મંત્રી-મેનેજર તાલીમ વર્ગનો પૂર્ણાહુતિ કાર્યક્રમ

જામનગર : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ અને તાલીમ યોજના અન્વયે જામનગર જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે જામનગર મુકામે તારીખ 11/03/2024 થી તારીખ 24/03/2024 સુધીની મુદત દરમ્યાન યોજવામાં આવેલ નવચેતન સહકારી મંત્રી-મેનેજર તાલીમવર્ગનો પુર્ણાહૂતિ કાર્યક્રમ જામનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી જયંતભાઈ વીરાણીના પ્રમુખસ્થાને યોજવામાં આવેલ.

આ કાર્યક્રમના પ્રમુખસ્થાનેથી બોલતા શ્રી જયંતભાઈ વિરાણીએ જણાવેલ કે સહકારી મંડળીના કર્મચારીઓ એ મંડળીના આધારસ્તંભ છે. સહકારી મંડળીનો પાયો મજબૂત હશે તો જ મંડળી રૂપી ઈમારત ટકી શકશે. મંડળીના કર્મચારીઓ તાલીમી હશે તો તે જ્ઞાનનો ઉપયોગ મંડળીમાં કરી મંડળીને અર્થક્ષમ બનાવી શકશે અને સભાસદોનો વિશ્વાસ મેળવી શકશે, આ માટે મંત્રીઓએ જ્યારે જ્યારે આવા સહકારી શિક્ષણના કાર્યક્રમો યોજાય ત્યારે તેમાં ભાગ લઈ તાલીમ મેળવવી જોઈએ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત જામનગર જિલ્લા સહકારી સંઘના માનદમંત્રી તેમજ જામનગર જિલ્લા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેન શ્રી વશરામભાઈ ચોવટીયાએ જણાવેલ કે સહકારી મંડળીઓના સભાસદોના આર્થિક-સામાજિક વિકાસની સાથે સહકારના સાતમા સિધ્ધાંત મુજબ સમાજના અન્ય લોકોને પણ ઉપયોગી થવાનું તેમનું ઉતરદાયિત્વ છે, તો દરેક સહકારી મંડળીઓએ મંડળીના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવા જોઈએ તે અંતર્ગત દરેક સભાસદ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવે તે માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

વર્ગના પુર્ણાહૂતિ કાર્યક્રમમાં ઉપસ્થિત જામનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ (હાલાર દૂધ ધારા)ના ચેરમેન શ્રી કાન્તીભાઈ ગઢીયાએ જણાવેલ કે શરૂઆતમાં ગામડાઓમાં કુટુંબની આવક એ ખેતીની જમીન વાવેતર કરેલા ખેત પાકોની હતી આજે પશુપાલનની વૈજ્ઞાનિક પધ્ધતિઓના અમલથી ઓછા ખર્ચથી વધુ દૂધ ઉત્પાદનની આવક પશુ દીઠ મળવા લાગી છે, દૂધ ઉત્પાદક સંઘ દ્વારા પશુપાલકોને જુદા જુદા પ્રકારની વીમા યોજનાઓનો લાભ મળતો રહ્યો છે જેના કારણે ખેડૂતો અને પશુપાલકોની આર્થિક અને સામાજિક પ્રગતિ થયેલ છે અને ગામડાઓના જીવનધોરણમાં સુધારો થવા પામેલ છે.

આ વર્ગ દરમ્યાન ઉપસ્થિત જામનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના એમ.ડી. શ્રી પંકજભાઈ માદરિયાએ સહકારના સિધ્ધાંતો અને મૂલ્યોની વિસ્તૃત સમજણ આપતા જણાવેલ કે સહકારી પ્રવૃત્તિમાં સહકારના સિધ્ધાંતો અને મૂલ્યો ખૂબજ

અનુસંધાન પાના નંબર : 2



# ભરૂચમાં પ્રથમવાર ગુલાબી કોબીજની ખેતી યુવાન ખેડૂત અન્ય માટે પ્રેરણારૂપ બન્યો

અંક્લેશ્વર : શાકભાજીમાં પણ વિવિધ પ્રકારના ક્લર જોવા મળી રહ્યા છે. ભરૂચ જિલ્લામાં પ્રથમવાર અંક્લેશ્વરના જૂના બોરભાઠા બેટ ગામના યુવાન ખેડૂત ગ્રીન કોબીજ સાથે એક પટ્ટામાં પ્રાયોગિક ધોરણે ગુલાબી કોબીજના છોડની વાવણી કરી છે. આ પ્રગતિશીલ ખેડૂત જિલ્લાના અન્ય ખેડૂતોને પણ નવી રાહ ચીંધી છે.

અંક્લેશ્વર તાલુકાના જૂના બોરભાઠા બેટ ગામની સીમમાં રહેતા ખેડૂત પ્રિતેશ પાટણવાડિયા છેલ્લા 17 વર્ષથી ખેતી સાથે સંકળાયેલા છે. ખેડૂતે અભ્યાસમાં ધોરણ 9 પાસ કર્યું છે. પિતાના અવસાન બાદ ખેડૂત નોકરીની સાથે સાથે ખેતી પણ કરી રહ્યા છે. ખેડૂતે પોતાની 1.5 વીઘા જમીનમાં 2 જાતના કોબીજની ખેતી કરી છે. ખેડૂત પાદરા ખાતેથી ગુલાબી જાતના કોબીજના રૂપિયાનો 1 છોડ એમ કુલ 300 છોડ લાવ્યા હતા. ખેડૂતે જાન્યુઆરી મહિનામાં કોબીજનું વાવેતર કર્યું હતું. તેઓ ખેતીમાં દર 11થી 12 દિવસે પાણી આપે છે. કોબીજની ખેતીમાં માવજત માટે છાણીયું ખાતરનો વપરાશ કરે છે.



ખેડૂતના રેગ્યુલર કોબીજનો પાક 45થી 60 દિવસમાં તૈયાર થઈ જાય છે. તો ગુલાબી કોબીજનો પાક 70 દિવસમાં તૈયાર થઈ જાય છે.

ભરૂચ અને અંક્લેશ્વર માર્કેટમાં આ કોબીજનો પાક આપવામાં આવે છે, જ્યાં 20 કિલો રેગ્યુલર કોબીજનો ભાવ 400થી 500 રૂપિયા મળી રહે છે, જ્યારે ગુલાબી કોબીજનો ભાવ 30 રૂપિયા પ્રતિ કિલો મળે છે. જોકે, ખેડૂત ગુલાબી કોબીજના પ્રયોગ સફળ ગણાવી રહ્યા છે. તો આવતા વર્ષે મોટાપાયે ગુલાબી કોબીજની ખેતી કરવાનું પણ તેઓએ જણાવ્યું હતું. જિલ્લાના અન્ય ખેડૂતોને પણ ગુલાબી કોબીજની ખેતી કરવા પ્રેરણા આપી રહ્યા છે.

લા નીનાની અસરના કારણે ચોમાસું સારું રહેશે

# દેશ માટે સારા સમાચાર, આ વર્ષે વરસાદ સામાન્ય કરતાં સારો રહેશેઃ હવામાન વિભાગ

નવી દિલ્હી : ભારતમાં અલ નીનોની ઘટતી અસર અને ઓગસ્ટ- સપ્ટેમ્બરથી સક્રિય થનારા લા નીનાના પ્રભાવ સાથે ચોમાસામાં સામાન્ય કરતાં વધુ વરસાદ જોવા મળશે. આ માહિતી હવામાન ખાતાએ આપી હતી. ગત વર્ષે અલ નીનોની અસરના કારણે વરસાદ ઓછો રહ્યો હતો. તેની સાથે જ ફુગાવો જોવા મળ્યો હતો અને ગામડાઓની અર્થવ્યવસ્થા પ્રભાવિત થઈ હતી. ત્યારે, હવામાન ખાતાની આગાહીથી ભારતની અર્થવ્યવસ્થાને બળ પૂરું પાડનાર કૃષિ ક્ષેત્ર માટે રાહતના સમાચાર આવ્યા છે.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ, જૂન મહિનાથી શરૂ થઈ રહેલી ચાર મહિનાની ચોમાસાની સીઝનમાં આ વર્ષે 106 ટકા વરસાદ જોવા મળશે. ભારતમાં 104 થી 110 ટકાની લાંબા સમયની સરેરાશને સામાન્ય કરતા વધારે વરસાદની શ્રેણીમાં રાખવામાં આવી છે. હાલમાં દેશમાં અલ નીનોની અસર જોવા મળી રહી છે. ચોમાસાની સિઝનની શરૂઆત તેની અસર ન રહેવાની આગાહી છે. ત્યારબાદ, ઓગસ્ટ-સપ્ટેમ્બર સુધીમાં લા નીનાની સ્થિતિ જોવા મળશે.

લા નીનાનો અર્થ સ્પેનિશમાં નાની છોકરી થાય છે. લા નીનાનો સમયગાળો દરિયાની સપાટીના તાપમાનની ઠંડક દ્વારા વર્ગીકૃત થાય છે. આ વિશિષ્ટ હવામાનની પેટર્નના કારણે વરસાદમાં વધારો જોવા મળે છે. ભારતમાં 2023માં સામાન્ય કરતાં ઓછો 820 મીમી વરસાદ જોવા મળ્યો હતો. જે લાંબા સમયની સરેરાશ 868.6 મીમી કરતાં ઓછો હતો.



**ભારતના 150 મોટા જળાશયોના પાણીના સ્તરમાં 33 ટકા ઘટાડાના રિપોર્ટ બાદ આવેલી ખબરથી હાશકારો**


2023 પહેલા ભારતમાં સળંગ ચાર વર્ષ સુધી એવરેજ અથવા એવરેજથી વધારે વરસાદ જોવા મળ્યો હતો. હવામાન ખાતાની આગાહી ભારત માટે હાશકારો લાવી છે કારણકે, ગુરુવારે રજૂ થયેલા રિપોર્ટમાં ભારતના 150 મોટા જળાશયોમાં પાણીના સ્તરમાં 33 ટકા ઘટાડો જોવા મળ્યો હતો.બીજી તરફ, આબોહવા વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, વરસાદના દિવસોની સંખ્યા ઘટી રહી છે જ્યારે ભારે વરસાદની ઘટનાઓ વધી રહી છે. જેના કારણે વારંવાર દુષ્કાળ અને પૂર જોવા મળી રહ્યાં છે.

# ઓછાં વળતરવાળા કપાસ-મગફળી કરતા અંજીરની ખેતી વધુ લાભદાયી

રાજકોટ : 2019માં હું ચીન ગયો હતો ત્યાં અંજીરની ખેતી જોઇ. એ વખતે ખબર પણ ન હતી કે કોરોના મહામારી ફેલાશે અને ભારતમાં પણ લોકડાઉન આવશે. લોકડાઉનની સ્થિતિ 2020માં સર્જાઇ અને ચીનમાં જોયેલી અંજીરની ખેતી કપરી સ્થિતિમાં યાદ આવી. અંજીરના રોપા મેળવીને ટિશ્યૂકલ્ચરથી શરૂ કરેલી ખેતી અત્યારે વિસ્તરી છે અને લાખોની આવક પણ આપતી થઇ ગઇ છે.

આ શબ્દો છે અમરેલી જિલ્લાના મોટાં આકડિયા ગામના ખેડૂત દિનેશભાઇ સવસૈયાના. તેમણે 4 એકર જગ્યામાં 3400 જેટલા અંજીરના રોપા ઉછેર્યા છે. અંજીરમાં મધ જેવો ટેસ્ટ આવે તેવી જીએચજી 120 વેરાઈટી ઉગાડી છે. અંજીર પાકે ત્યારે ફ્રેશ ફ્રૂટ તરીકે તો તેઓ વેંચે છે પણ એમાંથી અંજીર જામ, ચટણી, સરબત, અંજીર ક્રશ, અંજીર પાઉડર અને ડ્રાયફ્રૂટ અંજીર પણ સનડ્રાય અને મશીન ડ્રાય કરીને મૂલ્યવર્ધન કરી રહ્યા છે. વર્ષે દહાડે તેમને અંજીરના પાકથી રૂ. 8-10 લાખની આવક પણ મેળવી શકાય છે.

દિનેશભાઇ કહે છે કે, પરંપરાગત ખેતી તો કરતા જ હતા પણ નવા વિચાર સાથે અંજીર ઉગાડ્યા અને ફાયદામાં રહ્યા છીએ. સૌરાષ્ટ્ર વિસ્તારની જમીન અંજીરના પાક માટે અનુકૂળ છે. ત્રણેય ઋતુમાં અંજીરનો વત્તોઓછો પાક ઉતરે છે પણ શિયાળામાં સૌથી વધારે



**અમરેલી જિલ્લાના મોટાં આકડિયાના ખેડૂતે લોકડાઉન દરમિયાન અંજીરની ખેતી**

ફળ મેળવી શકાય છે. મગફળી અને કપાસ જેવા પાક્માં વળતર બહુ પાતળા છે એવા સમયે અંજીરની ખેતી કરવા જેવી છે.

અમરેલીમાં તેઓ ફાર્મ ધરાવે છે અને સુરતમાં તેઓ રહે છે. તેમણે કહ્યું કે, અંજીર અમે ડીપ ઈરિગેશનથી લઈએ છીએ. સિઝન હોય ત્યારે બે ત્રણ મહિના આકડિયા આવીને રહીએ અને પછી સુરત જતા રહીએ છીએ. આખું વરસ ટપક સિંચાઈથી પાકને પાણી આપી શકાય છે.

તેમણે કહ્યું કે, તાજા ફળ બજારમાં ફટાફટ વેંચાઈ જાય છે પણ ન વેચાય ત્યારે મુશ્કેલી ન પડે એ હેતુથી અમે મૂલ્યવર્ધન કર્યું છે. અંજીરના સારી જાતના રોપા વેંચવાનું અમે શરૂ કર્યું છે. અંજીર મોટેભાગે અફઘાનથી ભારતમાં આયાત કરવામાં આવે છે. એનો ભાવ ઊંચો છે. આયાત જકાત પણ લાગે. એના કરતા આપણે ત્યાં તૈયાર થયેલા અંજીર સરળતાથી રૂ. 2000થી 3000 વચ્ચે ગુણવત્તા પ્રમાણે એક ક્લિો લેખે વેંચી શકાય છે. અમે સોશિયલ મીડિયા મારફત પણ વેચાણ કરી રહ્યા છીએ.

રાજકોટ જિલ્લામાં વસતા એક ખેડૂત કે જે અમેરિકા સ્થાયી થયા છે તેમની સાથે મળીને 50 એકર જમીન ભાડેપટ્ટે લઈને અંજીર ઉગાડવાનું આયોજન અમે કર્યું છે. અંજીર અને તેની પ્રોડક્ટસ બનાવીને અમેરિકામાં નિકાસ કરવા માટે પણ અમારી તૈયારી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

લોન માટેનો દસ્તાવેજ.... પાના નં. 4નું અનુસંધાન

પેનલ્ટી કેટલી લેવામાં આવી તે પણ અલગથી દર્શાવવાની રહેશે. લોન સમય કરતાં વહેલી ચૂકવવામાં આવે તો તેના ચાર્જ કયા સંજોગોમાં નહિ લેવાય તે પણ બરાબર સમજાય તે રીતે દર્શાવવાનું રહેશે. જોકે અત્યારે લોન મુદત પૂર્વે ચૂકવી દેનારા પાસે કોઈ ચાર્જ ન લેવાનો નિયમ કરવામાં આવેલો છે. લોન જોખમી હોય તો તેવા કિસ્સાઓમાં રિકવરી એજન્ટ્સ રાખવામાં આવશે કે નહિ તે પણ અગાઉથી જણાવવાનું રહેશે. કી ફેક્ટ સ્ટેટમેન્ટ-કેએફએસ શીટ્સમાં વાર્ષિક વ્યાજદરની ગણતરી પણ સમજાવવાની રહેશે. થર્ડ પાર્ટી સર્વિસ માટે લોનની અરજી કરનારાઓ પાસેથી કેટલા ચાર્જ વસૂલવામાં આવશે. બેન્ક દ્વારા લેવામાં આવનારા દરેક ચાર્જના અલગ અલગ બિલ દર્શાવવા પડશે.

આ વિગતો વાજબી સમય મર્યાદામાં દર્શાવવાની રહેશે. કી ફેક્ટ સ્ટેટમેન્ટમાં જે બાબતનો ઉલ્લેખ ન કરવામાં આવ્યો હોય તે ચાર્જ લોનના સંપૂર્ણ ગાળામાં ક્યારે પણ લઈ શકાશે નહિ. આ માર્ગદર્શિકાનું પાલન કરવા માટે બેન્કોએ જરૂરી સિસ્ટમ તૈયાર કરી દેવાની રહેશે. પહેલી ઓક્ટોબરે કે તે પછી મંજૂર કરવામાં આવનારી લોનને આ નવા નિયમો લાગુ પડશે.

હવે કાર્બન ડાયોક્સાઇડન.... પાના નં. 1નું અનુસંધાન

માટે કરી શકે છે.

કંપની કેસલબોરસેટીમાં ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી નીકળતા અંદાજે અડધા કાર્બન ડાયૉક્સાઈડને કેપ્ચર કરવા માટે અંદાજે 100 મિલિયન યુરો (અંદાજે 903 કરોડ રૂપિયા) ખર્ચ કરી રહી છે. કામ અનેક હદ સુધી પૂર્ણ થઈ ચૂક્યું છે અને ટૂંક સમયમાં જ કાર્બન ડાયૉક્સાઈડને એક નવા કુવાના માધ્યમથી અંદાજે 12 માઈલ દૂર અને દરિયાની સપાટીથી 10,000 ફૂટ નીચે એક ગેસ સેગમેન્ટમાં મોકલવાનું શરૂ કરવામાં આવશે. જો પહેલો તબક્કો સફળ થઈ જશે તો એક મોટી યોજના શરૂ કરવામાં આવશે જેનો પ્રારંભિક ખર્ચ 1.5 અબજ યૂરો (અંદાજે 13,500 કરોડ રૂપિયા) થશે. તેમાં ઈટલી અને ફ્રાન્સના કારખાનાને જોડવામાં આવશે અને 1.6 કરોડ ટન સુધી કાર્બન ડાયૉક્સાઈડને ખેંચીને સમુદ્રની હેઠળ દફનાવવામાં આવશે. ગ્રાહકોનું દબાણ અને કાર્બન પર લાગતો ટેક્સ વ્યવસાયોને કાર્બન કેપ્ચર પ્રોજેક્ટ્સ પર ગંભીરતાપૂર્વક વિચારવા માટે પ્રેરિત કરી રહ્યું છે.

**દરિયો ધરતી પરથી સૌથી વધુ c02 શોષતું ઉપકરણ :**

કોલંબિયા યુનિવર્સિટીના સંશોધક કાર્બન કેપ્ચરિંગ અને સ્ટોરેજ માટે કામ કરી રહ્યા છે. સી ચેન્જ નામના આ પ્રોજેક્ટના ડાયરેક્ટર ગૌરવ સંત અનુસાર દરિયો ધરતી પરથી સૌથી વધુ કાર્બન ઉત્સર્જનને શોષતું ઉપકરણ છે. તે વાતાવરણમાં રિલીઝ થતા 30% સુધી $CO_2$ને શોષી લે છે. ગૌરવ સંત અને તેમના સાથે 1 ટન કાર્બન ડાયૉક્સાઈડને હટાવવાનો ખર્ચ ઘટાડીને 100 ડૉલર (8223 રૂપિયા)પ્રતિ ટન સુધી લાવવામાં વ્યસ્ત છે. સંશોધકો આ ટેક્નોલોજીને કમર્શિયલાઈઝ કરીને કાર્બન ક્રેડિટ અને હાઈડ્રોજન વેચીને પૈસા કમાશે. તેના માટે તેઓએ ઈકવેટિક ઈન્ક નામનું એક સ્ટાર્ટઅપ પણ શરૂ કર્યું છે. આ સ્ટાર્ટઅપમાં સારું એવું રોકાણ પણ થઈ રહ્યું છે.

**લોનની મોટી શરતોને નિયમોની વિગતો એક કાગળમાં અલગ લખી આપવી પડશે**

# લોન માટેનો દસ્તાવેજ અરજદારને સરળ ભાષામાં કરી આપવો પડશે : આરબીઆઈ

અમદાવાદ : પહેલી ઓક્ટોબરથી લોન માટેની અરજી કરનારને લોનનો દસ્તાવેજ એકદમ સરળ ભાષામાં અને સમજાઈ જાય તેવી ભાષામાં કરી આપવાની વ્યવસ્થા કરવા રિઝર્વ બેન્કે દેશની તમામ બેન્કોને સુચના આપી છે. બેન્કમાં લોન માટે અરજી કરનારાઓને લોન આપવાની સાથે લોનને લગતા તમામ નીતિ નિયમોની, લોનના વ્યાજદરની, લોનની પ્રક્રિયા કરવા માટે કયા કયા હેડ હેઠળ કેટલી કેટલી ફી લેવામાં આવી અને બેન્ક ચાર્જિસ કેટલા લેવામાં આવ્યા છે તેને લગતી તમામ વિગતો એક કાગળમાં ટૂંકમાં અને સમજાય તે રીતે લખીને આપવાની સૂચના આપવામાં આવી છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ પંદરમી એપ્રિલે પરિપત્ર કરીને પ્રસ્તુત વ્યવસ્થા કરી લેવા દરેક બેન્કોને સૂચના આપી છે. આ વિગતો મળતા લોન માટે અરજી કરનારાઓ બરાબર સમજી વિચારીને લોનનો ઉપાડ કરતાં થશે. રિઝર્વ બેન્કના નિયંત્રણ હેઠળની દરેક નાણાં સંસ્થાઓ અને બેન્કોને આ જોગવાઈ લાગુ કરવામાં આવશે.

લોન લેનારાઓ અને લોન માટે અરજી કરનારા નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પણ લોન આપતા પૂર્વે ઉપર દર્શાવ્યા મુજબ લોનની શરતો અંગેની માહિતી આપવાની રહેશે. લોન માટે અરજી કરનારા લોનના કરારનો



**ફ્લોટિંગ રેટથી લોન લેનારાઓને રેટ ચેન્જ આવ્યેથી આપોઆપ જ દર ઘટાડી આપવા પડશે**

દસ્તાવેજ પણ સરળ ભાષામાં કરીને આપવાનો રહેશે.

લોનની ચુકવણી માટે હપ્તા કેવી રીતે લેવામાં આવશે તેની સમજણ પણ આપવાની રહેશે. હપ્તામાં મુદ્દલની રકમ કેટલી અને વ્યાજની રકમ કેટલી હશે તે પણ જણાવવાની રહેશે. આ માહિતી આપવા માટેનું ફોર્મેટ પણ રિઝર્વ બેન્કે જ તૈયાર કરી આપ્યું છે. આ ફોર્મેટમાં લખાણ આપ્યા પછી તે બધું જ તેને સમજાઈ ગયું હોવાની કબૂલાત કરાવીને તે પેપર પર લોન માટે અરજી કરનારની સહી લઈ લેવાની રહેશે. ફિક્સ રેટથી કેટલા ટકા અને ફ્લોટિંગ રેટથી કેટલા ટકા વ્યાજ લાગુ પડશે તે દર્શાવવાનું રહેશે. લોન માટેનો વ્યાજનો દર કઈ રીતે નક્કી કરવામાં આવ્યો છે તે પણ દર્શાવવાનું રહેશે. રેપો રેટ અને રિવર્સ રેપો રેટને આધારે બેન્ચમાર્ક રેટ નક્કી કરવામાં આવે છે. તેને આધારે બેન્કો તેમના ધિરાણના દર નક્કી કરે છે બેન્કને કરવો પડતો ખર્ચ અને લોન લેનારની ક્ષમતાને આધારે નક્કી કરવામાં આવતા જોખમ પ્રમાણે લોનનો દર નક્કી કરવામાં આવે છે. લોન ચૂકવવામાં પેનલ્ટી થાય તો તે

અનુસંધાન પાના નંબર : 3

# ઈફકો નેનો યુરિયા પ્લસનું ઉત્પાદન અને વેચાણ કાર્ય શરૂ કરશે

નવી દિલ્હી : સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા ઈફકોએ જણાવ્યું હતું કે, તે નેનો યુરિયા પ્લસ ફર્ટિલાઈઝરનું ઉત્પાદન શરૂ કરશે અને 1 મેથી તેનું વાણિજ્ય રીતે વેચાણ કરવામાં આવશે. નેનો યુરિયા પ્લસ અને નેનો યુરિયાનું સંસ્કરણ છે જેનો હેતુ પાકની વૃદ્ધિના નિર્ણાયક તબક્કામાં નાઈટ્રોજનની જરૂરિયાતો પૂરી કરવાનો છે. અત્યારે ઈફકો 1થી 5 ટકા નાઈટ્રોઝન કન્ટેન્ટ સાથે નેનો યુરિયા ઓફર કરે છે. જો કે, નેનો યુરિયા પ્લસ ફર્ટિલાઈઝરમાં નાઈટ્રોઝન કન્ટેન્ટ છે. અમે ચાલુ સપ્તાહથી નેનો યુરિયાનું ઉત્પાદન શરૂ કરીશું અને 1 મેથી પ્રોડક્ટસ બજારમાં ઉપલબ્ધ રહેશે, તેમ ઈફકોના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. નેનો યુરિયા પ્લસનું ઉત્પાદન પ્રતિ દિવસ બે લાખ બોટલની ક્ષમતા સાથે ત્રણ



પ્લાન્ટમાં થશે.

સરકારે પહેલાથી નેનો યુરિયા પ્લસ ફર્ટિલાઈઝર અંગે સૂચના આપી દીધી છે અને ઈફકો ચાલુ વર્ષે તેના ત્રણ પ્લાન્ટમાં ઉત્પાદન કરશે.

ઈફકોના અધિકારીઓએ જણાવ્યું હતું કે, નેનો યુરિયા પ્લસએ ક્લોરોફિલ ચાર્જર અને ઉપજ બૂસ્ટર છે અને આબોહવા-સ્માર્ટ ખેતીમાં મદદ કરે છે. ઈફકો પાસે ત્રણ નેનો યુરિયા પ્લાન્ટ છે જે ગુજરાતના કલોલ, ઉત્તર પ્રદેશના અનોલા અને કુલુપરમાં આવેલા છે.



# ઊર્જાના વિવિધ સ્વરૂપ



મશિનો, વાહનો વગેરે ચલાવવા માટે શક્તિ જોઈએ. માણસો અને પ્રાણીઓને હાલવાચાલવા માટે પણ શક્તિ જોઈએ. આ શક્તિ શું છે? તેને ઊર્જા કે એનર્જી પણ કહે છે.

સાદી ભાષામાં કહીએ તો ઊર્જા એટલે કામ કરવાનું બળ. આપણી ચારે તરફ કોઈને કોઈ રૂપે ઊર્જાનો ઉપયોગ થાય છે.

પક્ષીઓ ઊડે, ટી.વી. કે રેડિયો ચાલે, રસોઈ થાય કે ઝાડપાન પવનથી હલે ત્યારે શક્તિનો ઉપયોગ થતો હોય છે. આ શક્તિના વિવિધ સ્વરૂપોને પણ ઓળખવા જેવા છે.

**પ્રકાશ :** પ્રકાશ એ સૂર્યમાંથી આવતી વિકિરણરૂપી શક્તિ છે. વનસ્પતિ તેમાંથી ખોરાક બનાવે છે અને સજીવ સૃષ્ટિ તેમાંથી શક્તિ મેળવે છે.

**ગરમી :** સૂર્યપ્રકાશમાં ગરમી પણ હોય છે. અગ્નિથી પણ ગરમી પેદા થાય. ગરમીનું હવામાં તેમજ વિવિધ માધ્યમોમાં વહન થાય છે. ગરમીના

અનુસંધાન પાના નંબર : 2

**મગફળી, ડાંગર, બાજરી, મકાઈ, અડદ સહિત અનેક પાકનું વાવેતર સો ટકાં કરતા વધુ**

# કાળઝાળ ગરમીમાં પાકની યોગ્ય જાળવણી અને કાળજી લેવા ખેતી નિયામકની એડવાઈઝરી જાહેર

ગાંધીનગર : રાજ્યમાં ચોમાસુ સારું જશે તેવી આશાએ ખેડૂતોએ ઉનાળુ પાકમાં 103 ટકાનું બમ્પર વાવેતર કર્યું છે ત્યારે કાળઝાળ ઉનાળામાં હીટ વેવના કારણે ખેડૂતોના ઊભા પાકને મુશ્કેલી સર્જાઇ શકે છે તે જોતા પાક્ની યોગ્ય જાળવણી કરવા સરકારે સલાહ આપી છે.

ગુજરાતમાં ખેડૂતોએ ઉનાળુ પાકના વાવેતરમાં રેકોર્ડ બ્રેક કરતાં છેલ્લા ત્રણ વર્ષની સામાન્ય સરેરાશ કરતાં પણ ચાલુ વર્ષે વધુ વાવેતર કર્યું છે. છેલ્લા ત્રણ વર્ષનું રાજ્યનું સરેરાશ વાવેતર 11.10 લાખ હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે ત્યારે 22 એપ્રિલ સુધી રાજ્યમાં 11.48 લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરી દેવાયું છે. જે 103.39 ટકા જેટલું છે. જોકે, ગત વર્ષે આ સમયગાળામાં 11.54 લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું હતું. તેના કરતા હજુ 6 લાખ હેક્ટર જેટલું ઓછું છે. તેમ છતાં ડાંગરનું 127 ટકા, બાજરીનું 108 ટકા, મકાઈનું 112 ટકા, અડદનું 101 ટકા, મગફળીનું 103 ટકા, તલનું 105 ટકા, ડુંગળીનું 109 ટકા અને શેરડીનું 106 ટકા જેટલું વાવેતર થયું છે. જો ચોમાસું આગાહી મુજબ સામાન્ય રહ્યું અને હવામાનને લગતા કોઈ અણધાર્યા ફેરફાર નહીં થાય તો ખેડૂતો સાથે સમગ્ર રાજ્યને ફાયદો થઇ શકે છે.

બીજી તરફ રાજ્યની ખેતી નિયામકે ખેડૂતોને પાક માટે કાળજી લેવા એક



એડવાઈઝરી જાહેર કરી છે, જેમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, ઉનાળુ મગ, ઉનાળુ ડાંગર, ઉનાળુ શાકભાજી, ઉનાળુ બાજરી પકવતા ખેડૂતોને ખેતી કાર્યોમાં યોગ્ય કાળજી લેવા તાકીદ કરી છે. તે મુજબ હીટ વેવ દરમિયાન ખેતરમાં ઊભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવા, મગફળી, મગ, અડદ, બાજરી, જુવાર, તલ વગેરે પાકમાં વહેલી સવારે અને સાંજના સમયે પિયત કરવા જણાવ્યું છે. તે ઉપરાંત ખેતરની જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવાં અને પાકને ઊંચા તાપમાનથી બચાવવા બપોરના કલાકો દરમિયાન ખેતીની પ્રવૃત્તિઓ બંધ રાખવા પણ જણાવ્યું છે. ખાસ કરીને શાકભાજી અને બાગાયતી પાકોને શણના કંતાનથી અથવા જુવાર-બાજરી જેવા પાકોની કડબની આડશ કરવાની સલાહ આપી છે.

**ક્લાઈમેટ ચેન્જના પડકારોના લીધે ગ્લેસિયરોની સંખ્યામાં ઘટાડો થવાથી ગ્લેસિલ લેક્સ રચાઈ રહ્યા છે**


# હિમાલયના સરોવરો તૂટશે તો બ્રહ્મપુત્રા, સિંધુ, ગંગામાં જળપ્રલયનું જોખમ : ઈસરોની ચેતવણી

નવી દિલ્હી : હિમાલયની પર્વતમાળાને વિશ્વનો ત્રીજો ધ્રુવ કહેવાય છે. તેનું કારણ છે ત્યાં મોટાપાયા પર ગ્લેસિયરોની હાજરી અને વિપુલ પ્રમાણમાં બરફ છે. પણ હવે આ વિસ્તાર ગ્લોબલ વોર્મિંગથી મોટાપાયે પ્રભાવિત થઈ રહ્યો છે. આ વિસ્તારનો બરફ પીગળી રહ્યો છે અને ગ્લેસિયર સંકોચાઈ રહ્યા છે. તેની અસર સામાજિક રીતે પણ પડી રહી છે. ગ્લેસિયરોના સંકોચાવાનો અર્થ છે બરફનું ઝડપથી પીગળવું આમ પહાડો પર જ્યાં પણ અહીંથી વહેનારું પાણી જમા થાય છે ત્યાં ગ્લેસિયલ લેક્સ બની જાય છે. પાણીમાં પાણી મળતા નવી ગ્લેસિયલ લેક્સ સર્જાવવાની સાથે જૂનીનો આકાર પણ વધતો જાય છે. આ ગ્લેસિયર અને બરફ ભારતની નદીઓના સ્રોત છે, પરંતુ આ બર્ફીલા તળાવો જોખમી સાબિત થઈ શકે છે.

આ ગ્લેસિયલ લેક્સથી ગ્લેસિયલ લેક્સ આઉટબર્સ્ટ ફ્લડ્સનો ભય રહે છે. અમરનાથ, ચૌલી અને સિક્કીમમાં આ ઘટના જોવા મળી. તેના લીધે નીચેના વિસ્તારોમાં રહેતા લોકો પર ફ્લેશ ફ્લડ અને ભૂસ્ખલનનો ભય હોય છે. ગ્લેસિયલ લેક્સ ત્યારે તૂટે છે જ્યારે તેમાં કોઈ ભારે બોજ પડે અથવા તો પાણીનું પ્રમાણ વધતા તેની દીવાલ તૂટે.

ઈસરો તેના પર નજર રાખે છે. લાઈટ્સ દ્વારા નવા બનતા લેક્સની સાથે જૂનાના વધતા આકાર પર પણ નજર રાખવામાં આવે છે, જેથી ખતરનાક ગ્લેસિયલ લેક્સ ફાટે તે પહેલાં લોકોને ચેતવી શકાય અને સુરક્ષિત સ્થળે મોકલી શકાય. ભારત પાસે હિમાલયમાં ઉપલબ્ધ બર્ફિલા લેક્સનો ત્રણથી ચાર દાયકાનો ડેટા છે.

1984થી 2023 સુધીના આંકડા પર નજર નાખીએ તો ખબર પડે છે કે હિમાલયમાં આવી 2,400 કરતાં વધુ લેક્સ છે, જે દસ હેક્ટર કરતાં પણ મોટો ફેલાવો ધરાવે છે. જ્યારે 1984



સુધી આવા લેક્સની સંખ્યા 676 હતી. આમ તેનું ક્ષેત્રફળ વિસ્તર્યુ છે. તેમાં 130 ભારતમાં હાજર છે. તેમાં સિંધુ નદી પર 65, ગંગા પર સાત અને બ્રહ્મપુત્ર પર 58 ગ્લેસિયલ લેક્સ બનેલા છે.

આવા 676 લેક્સમાંથી 601ના આકારમાં બે વખત વધારે ફેલાવો થયો છે. જ્યારે દસ લેક્સ દોઢથી બે ગણા વધ્યા છે. જ્યારે 65 લેક્સ એવા છે જે દોઢ ગણા વધ્યા છે. આ લેકને ચાર જુદી-જુદી કેટેગરીમાં વહેંચવામાં આવી છે. મોરેન ડેસ્ડ એટલે કે ચાર બાજુ કાટમાળની દીવાલ. આઈસ ડેમ્ડ એટલે કે પાણીની ચારેય બાજુ બરફની દીવાલ, ઈરોઝન એટલે કે માટીના ઘસારાથી બનેલા ખાડામાં જમા થયેલા ગ્લેસિયરનું પાણી અને અન્ય ગ્લેસિયલ લેક્સ. 676 લેક્સમાં 307 મોરેન ડેમ્સ, 265 ઈરોઝન અને આઠ આઈસ ડેમ્સ લેક્સ છે. સિંધુ નદીની ઉપર બનેલા થેપાંગ ઘાટ ગ્લેસિયલ લેક્સની ઊંચાઈ 4,068 મીટર છે. તે હિમાચલ પ્રદેશમાં છે. તેના કદમાં 178 ટકાનો વધારો થયો છે. તે પહેલા 36.40 હેક્ટરમાં હતી અને હવે તેનું કદ 101 હેક્ટર કરતાં પણ વધુ છે.

# આગામી ખરીફ ઋતુમાં લાયસન્સ ધારકો પાસેથી બિયારણની ખરીદી કરવી જરૂરી

નડિયાદ : ખેડૂતો આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણની ખરીદી કરતા હોય છે. પરંતુ અનેક વખત બિયારણ નકલી નીકળતા ખેડૂતોને નુકસાની વેઠવાનો વારો આવે છે. ત્યારે ખડૂતો છેતરપીંડીથી બચે તે માટે લાયસન્સ ધારકો પાસેથી બિયારણની ખરીદી કરે તેવો તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.


ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ-પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો, બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનો લાયસન્સ નંબર, પૂરું નામ-સરનામું અને જે

**બીલમાં જણાવેલ વિગતો બિયારણની થેલી પર લખેલી હોય તેની ચકાસણી કરવી**

બિયારણ ખરીદેલું હોય તેનું નામ, જાત; બિયારણનો વર્ગ, લોટ નંબર, ઉત્પાદન તારીખ અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ નથી તથા બીલમાં જણાવેલ તમામ વિગતો બિયારણની થેલી પર લખેલી છે કે નહીં તે બાબતે ચકાસણી કરવી. મુદત પૂરી થયેલી હોય તેવાં બિયારણની ખરીદી ક્યારેય કરવી નહીં.

# ડિજિટલ કૌભાંડ રોકવા આંખોની કીકીને સ્કેન કરીને બેંક ખાતા સુરક્ષિત કરાશે

નવી દિલ્હી : ડિજિટલ યુગમાં ઓન લાઈન કૌભાંડોની ભરમાર છે ત્યારે તેના પર લગામ કસવા માટે સરકાર અત્યંત મહત્વપૂર્ણ કદમ ઉઠાવવાની તૈયારીમાં છે. ગ્રાહકની બેન્કિંગ ઓન લાઈન લેવડદેવડ સુરક્ષિત બનાવવા માટે આ મામલે રિઝર્વ બેંક સાથે બેંકો ચર્ચા કરી રહી છે. બેંન્કિંગ સૂત્રોએ કહ્યું કે ગત મહિને બેઠક થઈ હતી. આ યોજના લાગુ કરવાના પડકારો સહિતના મુદ્દા પર ચર્ચા થઈ હતી અને રિઝર્વ બેંક સાથે બેઠક કરવાનો નિર્ણય લેવાયો હતો. આ યોજના લાગુ કરવામાં અનેક પડકારો છે. મોતિયાના ઓપરેશન કરાયેલા હોય તેવા લોકોના કીકી આધારિત બાયોમેટ્રીક વેરીફીકેશન મુશ્કેલ હોય છે. સર્જરી બાદ તેઓની કીકીમાં બદલાવ આવતો હોય છે પરિણામે વેરીફીકેશન શકય




નથી બનતું. આંખોની કીકી આધારિત વેરીફીકેશનની યોજના લાગુ થવાના સંજોગોમાં ખાસ કરીને સિનિયર સિટિઝનોને ફાયદો થઈ શકે છે. ઉંમર વધતા તેઓની ફિંગરપ્રિન્ટ આવી શકતી નથી. સૂચિત યોજના અંતર્ગત ગ્રાહકના ફિંગરપ્રિન્ટ તથા આંખોની કીકીને સ્કેન કરીને લીંક કરવામાં આવશે. હાલ આધાર સંલગ્ન પેમેન્ટ પ્રણાલીમાં પોઈન્ટ ઓફ સેલ (પીઓએસ) પર ઓનલાઈન ઈન્ટર ઓપરેબલ નાણાકીય લેવડદેવડ આધારનો ઉપયોગ કરીને થાય છે.

# હવામાન સ્વચ્છ રહેતા ઉનાળુ પાકોનું ઉત્પાદન વધવાની શક્યતા

રાજકોટ : અંતિમ ચરણમાં પહોંચેલા ઉનાળુ વાવેતરમાં હવે સાવ નહી જેવો વધારો દેખાય છે. પાછલા એક સપ્તાહમાં 11,316 હેક્ટર જેટલો વાવેતર વિસ્તાર વધવાથી 11.48 લાખ હેક્ટર જમીનમાં ઉનાળુ પાક્ની વાવણી થઇ છે. પાછલા વર્ષ કરતા વાવેતર નજીવું ઓછું છે પણ હવામાન સારું છે એટલે મગફળી, તલ, કઠોળ અને બાજરી જેવા પાક્ના ઉત્પાદનમાં ચોક્કસપણે વધારો થાય એમ છે. જોકે આગળ જતા પાકને પાણીની ખેંચ કેવી પડે છે તે મુદ્દો મહત્ત્વનો રહેશે.

રાજ્ય સરકારે જાહેર કરેલા નવા આંકડાઓ પ્રમાણે 22 એપ્રિલ સુધીમાં પાછલા વર્ષમાં 11.54 લાખ હેક્ટરમાં વાવેતર હતું. ત્રણ વર્ષનો સરેરાશ વિસ્તાર 11.10 લાખ હેક્ટર છે. ગુજરાતમાં મગ સિવાય તમામ પાકનું વાવેતર સરેરાશ કરતા વધારે થઇ ગયું છે.

ડાંગરનું વાવેતર ગુજરાત સરકારે



95,466 હેક્ટરમાં નોંધ્યું છે, જે પાછલા વર્ષમાં 79,350 હેક્ટર હતું. 27 ટકાનો વધારો સરેરાશની તુલનાએ થયો છે. બાજરીનું વાવેતર 3.13 લાખ હેક્ટરમાં છે. જે ગયા વર્ષથી ઓછું છે પણ સરેરાશથી વધારે છે. મકાઈનું વાવેતર 7,085 હેક્ટરમાં નોંધાયું છે. કઠોળ પાકોમાં મગનું વાવેતર 45,751 હેક્ટરમાં થયું છે. ગયા વર્ષમાં 47,031 હેક્ટર થયું હતું. અડદનો વિસ્તાર 21,500 હેક્ટરમાં થયું છે, સરેરાશ કરતા 1 ટકા વધારે વાવેતર થયું છે.

તેલિબિયાંમાં મગફળીનું વાવેતર 59,960 હેક્ટરમાં થયું છે. જે પાછલા

અનુસંધાન પાના નંબર : 2

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-05-2024